# **–:: ફલેટનો ઓનરશીપના ધોરણે વેંચાણ દસ્તાવેજ ::–**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૧૫૦ પૈકી રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭–એ તથા પ્લોટ નં. ૭–બી ની કુલ જમીન ચો.મી.આ. ૨૪૧–૪૫ ઉપર રહેણાંક હેતુ માટે બાંધવામાં આવેલ લો–રાઈઝ ઈમારત જે **"ગોલ્ડન વ્યુ"** ના નામથી ઓળખાય છે તે ઈમારત માંહેથી .......... **ફલોર** આવેલ **ફલેટ નં.** ...... કે જેનો કારપેટ એરીયા **ચો.મી.આ.** ......... થાય છે તે ફલેટનો ઓનરશીપના ધોરણે વેંચાણ દસ્તાવેજ.

**બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ........**

**વેંચાણ કિંમત રૂા. ............–૦૦ અંકે રૂપિયા ................. પુરા.**

**ટી. પી. સ્કીમ નં. ૬(રૈયા), એફ. પી. નં. ૧૯૦.**

**રેરા રજી. નં. ...................................**

**શ્રી ..............................,**

હિન્દુ, ઉ.વ. ......., ધંધો : ..........,

રહે. ........................

મો. ...........................                **......તે મિલ્કત ખરીદનાર**

**જોગ લખી આપનારા :–**

**રાધે ડેવલોપર્સ(પાન નં. ABBFR 1755 K)ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો –**

(૧) **શ્રી રેખાબેન રાજેશકુમાર સંચાણીયા,**

ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. : ૪૩, ધંધો : ઘરકામ,

રહે. ગુણાતીતનગર બ્લોક નં. ૧૧૫, દોશી હોસ્પીટલ પાસે, રાજકોટ.

(૨) **શ્રી લલીતભાઈ દુર્લભજીભાઈ રૂઘાણી,**

ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. : ૫૦, ધંધો : વેપાર,

રહે. ઈશ્વર એપા., ફલેટ નં. ૩૦૧, અંબાજી કડવા પ્લોટ શેરી નં. ૨,

સ્કુલ નં. ૬૯ ની સામે, રાજકોટ. મો. ૯૬૨૪૦ ૭૩૦૭૩

ઉપરોક્ત ભાગીદાર નં. ૨ જાતેથી તથા નં. ૧ ના વહીવટકર્તા દરજજે.          **....... તે મિલ્કત વેચનારા**

જત તમો જોગ આ વેંચાણ દસ્તાવેજ લખી આપી બંધાઈએ છીએ કે :–

(૧) ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૧૫૦ પૈકી રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭–બી ની જમીન ચો.મી.આ. ૧૨૪–૬૭ અમારી ભાગીદારી પેઢીએ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૧૩૬, તા. ૧૧/૦૬/૨૦૨૦ ના રોજ શ્રી ભારતી હર્ષદરાય મણીયાર ડો./ઓ. હીમતલાલ પરીખ પાસેથી ખરીદ કરેલ છે તેમજ પ્લોટ નં. ૭–એ ની જમીન ચો.મી.આ. ૧૧૬–૭૮ અમારી ભાગીદારી પેઢીએ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૩૨૮, તા. ૨૦/૦૬/૨૦૨૦ ના રોજ શ્રી હીતેશભાઈ અમૃતલાલ ચાવડા પાસેથી ખરીદ કરેલ છે અને એ રીતેની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ થયેલ જમીન ઉપર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી લો–રાઈઝ રહેણાંકના હેતુ માટે બાંધકામ પરવાનગી નં. ૧૬૮, તા. ૦૨/૦૯/૨૦૨૦ ના રોજથી બાંધકામ પ્લાન મંજુર કરી બાંધકામ કરવા પરવાનગી આપવામાં આવેલ છે અને તે મુજબ પ્લાન પાસ કરાવી સદરહું બિલ્ડીંગને **"ગોલ્ડન વ્યુ"** નામ આપેલ છે. આમ આ હકીકતોએ સદર મિલ્કતનો તમામ પ્રકારનો વહીવટ, વ્યવસ્થા અને નિકાલ કરવાના હકકો અને અધિકારો પ્રાપ્ત થયેલ છે.

(૨) ઉપરોકત મિલ્કત ઉપર **"ગોલ્ડન વ્યુ"** ના નામની રેસીડેન્સીયલ લો–રાઈઝ ઈમારત બાંધવામાં આવેલ છે જે પ્રોજેકટ અમો વેંચનારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ અંતર્ગત સક્ષમ અધીકારી સમક્ષ રજીસ્ટર્ડ કરાવેલ છે, અમોએ અનુ. નં. ..........., .......... તારીખના રોજથી બાનાખત સબરજીસ્ટ્રાર કચેરીમા રજીસ્ટર કરાવેલ છે.

(૩) તમોને વેંચાણ આપેલ મિલ્કત **"ગોલ્ડન વ્યુ"** ના નામની ઓળખાતી રેસીડેન્સીયલ લો–રાઈઝ ઈમારતમાં આવેલ હોય, સદર સમગ્ર મિલ્કતનું વર્ણન તથા ચર્તુઃદીશા આ દસ્તાવેજના **"શેડયુલ–એ"** માં બતાવવામાં આવેલ છે. તેમજ તમોને વેંચાણ આપેલ મિલ્કતની તમારી સ્વતંત્ર માલીકી અને સુવાંગ ભોગવવાની સંપૂર્ણ વિગત તથા ચર્તુઃદીશા આ દસ્તાવેજના **"શેડયુલ–બી"** માં બતાવવામાં આવેલ છે. તેમજ આ ઈમારતના તમામ મિલ્કત ઓનર્સ સાથે સંયુકત રીતે ભોગવવાની સહીયારી અને અવિભાજય સુવિધાઓ આ દસ્તાવેજના **"શેડયુલ–સી"** માં બતાવવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતોએ અમોને પ્રાપ્ત થયેલ હકકો અને અધિકારોની રૂએ મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબ રહેણાંકના હેતુ માટે બાંધવામાં આવેલ લો–રાઈઝ ઈમારત જે **"ગોલ્ડન વ્યુ"** ના નામથી ઓળખાય છે તે માંહેના **..... ફલોર** આવેલ **ફલેટ નં. ......** કે જેનો બીલ્ટઅપ એરીયા **ચો.મી.આ. ....... છે.** તે સાથે કોમન પાર્કિંગ સહીતનો, રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ કાયદાની કલમ–૨ ના ખંડ "એન" મુજબ સહીયારી સુવિધામાં વરાળે પડતા હકક સહીત વેંચાણ આપવામાં આવેલ છે તે મિલ્કતનો તમોને તેની વેંચાણ કિંમત **રૂા. ..........–૦૦ અંકે રૂપિયા ......... પુરા**થી વેંચાણ આપેલ હોય અને એ રીતે નીચેની વિગતે અવેજની રકમ તમારા પાસેથી મળી જતા આ વેંચાણ દસ્તાવેજ તમારા જોગ કરી આપીએ છીએ તેમજ મેઈન્ટેનન્સ ચાર્જીસની જે તે રકમ એશોસીએશન દ્વારા ઠરાવવામાં આવે તે મુજબ ઓનર્સ એશોસીએશનને અલગથી ચુકવવાની રહેશે.

(૫) **"ગોલ્ડન વ્યુ"** ના નામથી ઓળખાય છે તે લો–રાઈઝ ઈમારત માંહેથી તમોને વેંચાણ આપેલ **........ ફલોર** ઉપર આવેલ **ફલેટ નં. ......** ના અવેજની રકમ નીચેની વિગતે મળી ગયાની આથી પહોંચ સ્વીકારીએ છીએ.

————————

————————

કુલ રૂા. ............./– અંકે રૂપીયા ............. પુરા ઉપરની વિગતેથી અમારી પેઢીને મળેલ છે, જેની આથી અમો પહોંચ સ્વીકારીએ છીએ.

(૬) તમો ખરીદનાર તરફથી ઉપરોકત વિગતે અવેજની રકમ મળી જતા સદરહું મિલ્કતનો શાંત, ખાલી, નિર્ભય અને પ્રત્યક્ષ કબજો આજરોજ તમોને સુપ્રત કરી આપેલ છે. તેના તમો સુવાંગ, માલીક અને પ્રત્યક્ષ કબજેદાર થાઓ છો, અને સદરહું મિલ્કત પરત્વેના અમો વેંચનારના તમામ હકક, અધિકારો તમોને પ્રાપ્ત થાય છે. સદરહું તમોને વેંચાણ આપેલ મિલ્કત પરત્વે હવેથી વેંચનારાઓનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, અધિકાર, લાગભાગ, દરદાવો, ભરણ પોષણ હકક, વારસાઈ હકક કે અન્ય કોઈપણ પ્રકારનો અન્ય કોઈ વાંધો તકરાર રહેતા નથી. તેમ છતાં સદરહું મિલ્કત પરત્વેના વેંચનારાઓના માલીકી હકક સંબંધમાં અગર ટાઈટલ સબંધમાં ભવિષ્યમાં કોઈપણ પ્રકારના વાંધા તકરાર ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી અમો વેંચનાર તથા વેંચનારના અનુગામીઓના શીરે રહેશે.

(૭) સદરહું મિલ્કતવાળા બિલ્ડીંગના રાજકોટ મહાનગરપાલીકાએ મંજુર કરેલ બિલ્ડીંગ પ્લાન તથા બાંધકામ પરવાનગી તમો ખરીદનારે જોઈ તપાસી લીધેલ છે જે હકીકતે તમો ખરીદનારને બિલ્ડીંગના ડીટેલ્ડ સ્પેશીફીકેશનવાળા બાંધકામ પ્લાન, સ્ટ્રકચરલ ડીઝાઈન, લંબાઈ–પહોળાઈ, માપ–સાઈઝ, દિશા, હદહદુદ અંગે સંપૂર્ણ સંતોષ થયેલ છે અને કોઈ વાંધો તકરાર નથી કે ભવિષ્યમાં લેવાનો નથી.

(૮) સદરહું તમોને વેંચાણ આપેલ મિલ્કત વેંચનારાઓના તમામ પ્રકારના હકક, અધિકારો સહીત તમોને વેંચાણ આપેલ છે. સદરહું ઈમારતના બાંધકામમાં જે માલ–સામાન, બિલ્ડીંગ મટીરીયલ્સ, ફીટીંગ્ઝ, પ્લમ્બીંગ, ઈલેકટ્રીફીકેશન, ફલોરીંગ, તેમજ તેની ગુણવતા તે તમો ખરીદનારે પ્રત્યક્ષ જોઈ ચકાસી લીધેલ છે અને કબુલ રાખેલ છે અને મિલ્કતનો કબજો વિના તકરારે હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં સંભાળેલ છે, તે તમો યાવતચંદ્ર દિવાકરો, લીલા વંશ, પરંપરા સુખેથી ભોગવજો અને તેનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરજો.

.. **૫** ..

(૯) સદરહું તમોને વેંચાણ આપેલ મિલ્કત ઉપર સરકારી, અર્ધ સરકારી, રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ/રાજકોટ મહાનગરપાલીકા, બેંક, કંપની, પેઢી કે ખાનગી વ્યકિતનું કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો કે ચાર્જ નથી કે સદરહું મિલ્કત કયાંય ગીરો કરેલ નથી કે સિકયુરીટી કે જામીનગીરીમાં મુકેલ નથી તેની ખાતરી આપીને આ દસ્તાવેજ કરી આપીએ છીએ.

(૧૦) સદરહું તમોને વેંચાણ આપેલ મિલ્કત પરત્વેના આજ દિન સુધીના તમામ પ્રકારના કરવેરા, લીઝ, ફીઝ, ચાર્જીસ વિગેરેની તમામ જવાબદારીઓ અમો વેંચનારે અદા કરેલ છે અને આજથી તેવી તમામ જવાબદારીઓ તમો અદા કરજો. તેમ છતાં આજ પહેલાની તેવી કોઈ જવાબદારી બાકી નીકળે અને તે અદા કરવાની તમોને ફરજ પડે તો તેવી રકમ વેંચનાર તથા વેંચનારના અનુગામીઓ પાસેથી વસુલ લેવા તમો હકકદાર રહેશો. પરંતુ સદરહું મિલ્કતના વેંચાણ અંગે જે કાંઈ ટેક્સ ભરવાના થાય તો તેવા ટેકસની રકમ તમો ખરીદનારે અમો વેંચાણ આપનારને અલગથી ચુકવવાની રહેશે અને અલગથી ચુકવી આપવાનું પાકુ વચન, વિશ્વાસ અને ખાત્રી તમો ખરીદનાર તરફથી મળતા આ દસ્તાવેજ કરી આપીએ છીએ.

(૧૧) ભવિષ્યમાં કોઈપણ પ્રકારના કારણોસર આ બિલ્ડીંગ પડી જાય તો તમો ખરીદનારની મિલ્કત હાલમાં જયાં આવેલ છે ત્યાં જ અને તે જ રીતે તેજ ફલોરમાં તમો ખરીદનારે ખરીદેલ તમામ કાયદેસરના માલીકી કબજા ભોગવટાવાળા ભાગમાં તે વખતના વિદ્યમાન કાયદા મુજબ આખા મકાનનું ચણતરકામ થશે અને તે વખતે જે બાંધકામ ખર્ચ થાય તેની વરાડે પડતી રકમ તમો ખરીદનારે વસુલ આપવાની રહેશે અને ત્યારબાદ ગુજરાત રાજયના ફલેટ એકટની જોગવાઈઓને આધીન બીજા હોલ્ડર્સ સાથે તમો ખરીદનારને માલીકી હકક મળશે.

(૧૨) **DEFFECT LIABILITY :-** **ક્ષતિની જવાબદારી :–**

તમો ખરીદનારને જે તારીખે મિલ્કતનો કબજો સોંપવામાં આવ્યો હોય તેના ૫(પાંચ) વર્ષ દરમ્યાન મિલ્કતમાં કોઈ સ્ટ્રકચરલ ખામી, વર્કમેનશીપની ખામી, સેવાની ગુણવતા અને સેવાની જોગવાઈમાં કોઈ ખામી હોય તો જયારે શકય હોય ત્યારે આવી ખામીઓ અમો વેંચનાર દ્વારા અમારા ખચૅ સુધારી આપવાની રહેશે. તેમજ જો અમો આવી ખામીઓનું નિવારણ કરવામાં નિષ્ફળ રહીએ તો તમો લખાવી લેનાર અમો વેંચનાર પાસેથી આવી ખામીઓનું વળતર કાયદામાં જણાવ્યા મુજબ મેળવવા હકકદાર રહેશે. તેમજ અમો વેંચનાર કોઈ સ્ટ્રકચરલ ખામી, વર્કમેનશીપની ખામી, સેવાની ગુણવતા અને સેવાની જોગવાઈમાં કોઈ ખામી કે જે અમો વેંચનારને લાગુ પાડી શકાય તેવી ન હોય અગર અમો વેંચનારના કાબુ બહારના કોઈ સંજોગોને કારણે ઉદભવેલ હોય તે બદલ જવાબદાર રહેશું નહી.

(૧૩) તમોને વેંચાણ આપેલ મિલ્કત **"ગોલ્ડન વ્યુ"** ના નામથી ઓળખાતી લો–રાઈઝ ઈમારતમાં આવેલ હોય, તમો મિલ્કત હોલ્ડર્સએ નિભાવવાની ફરજો તથા બાબતો નીચે મુજબ છે જે મુજબ તમો ખરીદનારને વર્તન કરવાનું છે જે તમામ ફરજો અને બાબતો તમો ખરીદનારે કબુલ મંજુર રાખેલ છે. સદરહું પ્રોજેકટમા બી.યુ. પરમીશન મળ્યા બાદ વધારાની એફ.એસ.આઈ., કોમન એરીયા તથા દાવાના હકકો પ્રમોટરના રહેશે નહી જે સોસાયટી કે એસોસીએશનના રહેશે.

.. ૬ ..

(એ) આ બિલ્ડીગનું નામ **"ગોલ્ડન વ્યુ"** રાખવામાં આવેલ છે, અને તેમાં કયારેય કોઈ ફેરફાર કરી શકાશે નહી.

(બી) **"ગોલ્ડન વ્યુ"** બિલ્ડીંગમાં આવેલ મિલ્કતના સહમાલીકોના એસોસીએશન ઓફ એલોટીઝ/સર્વિસ સોસાયટી **"ગોલ્ડન વ્યુ ફલેટ ઓનર્સ એસોસીએશન"** ની રચના કરેલ છે જેના સભ્ય તરીકે જોડાવાનું આ વેંચાણ દસ્તાવેજથી પુર્વ શરત તરીકે તમો ખરીદનારે કબુલ કર્યુ છે અને તેનું બંધારણ ઘડવાની, હોદેદારોની નિમણુંક કરવા, તેમની સતા અને ફરજો નિર્દિષ્ટ કરવાની તથા ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટ–૧૯૭૩ તથા અન્ય આનુસંગીક કાયદાઓ તથા લાગુ થતા અન્ય કાયદાઓ મુજબ જે કાંઈ વ્યવસ્થા કરવાની થાય તે તમામ સહ માલીકો/ખરીદનારાઓની અંગત અને સહીયારી જવાબદારી રહેશે અને આ અંગેનું તમામ ખર્ચ, વકીલ ફી, સ્ટેમ્પ રજીસ્ટ્રેશન ફી વિગેરે ખર્ચ દરેક સહમાલીકોએ વરાડે થતું ભોગવવાનું છે અને તમો ખરીદનારની તે જવાબદારી ગણાશે અને તેવી રચના માટે જયાં જયાં સહીની જરૂર પડે ત્યાં ત્યાં અમો વેંચનારે સહીઓ કરી આપવાની છે અને તમો ખરીદનારે ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટની જોગવાઈઓ હેઠળની શરતો તથા જવાબદારીઓનું પાલન કરવાનું રહેશે.

(સી) સદરહું બિલ્ડીગમાં આવેલ ઉપરોકત રચેલ ઓનર્સ એશોસીએશન/સર્વિસ સોસાયટીને યોજનાના કોમન એરીયા, સામુહીક ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓનો સંપૂર્ણ અને પ્રત્યક્ષ કબજો પૂર્ણતા પ્રમાણપત્ર **(COMPLETION CERTIFICATE)** / કબજા પ્રમાણપત્ર **(OCCUPANCY CERTIFICATE)** આવ્યાના માસ–૦૩ (ત્રણ) ની અંદર સોંપી આપવાના છે અને મિલ્કતના જરૂરી લેખ દસ્તાવેજો અને બાંધકામ પરવાનગી, બાંધકામ પ્લાન, સ્થાનિક સતાધિશોના પરવાના, જમીનની માલીકી દર્શાવતા તમામ લેખ દસ્તાવેજો વિગેરે ઓનર્સ એશોસીએશન/સોસાયટીને સોંપી તે સાથે સોંપી આપવાના છે. જે ઓનર્સ એશોસીએશન/સોસાયટી પાસે રહેશે અને જરૂર પડયે તમો ખરીદનારને બતાવવાના રહેશે.

(ડી) સદરહું તમોને વેંચાણ આપેલ મિલ્કત સિવાયના સમગ્ર ઈમારત/ઈમારતોના અન્ય ભાગો જેવા કે કોમન પેસેજ, લીફટ, દાદરો, ટેરેસ, કોમન પાર્કિંગ, ઈલેકટ્રીક ફીટીંગ્સ, પ્લમ્બીંગ, ગેસ જોડાણ, તેમજ સામુહીક ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓનો ઉપયોગ અને ઉપભોગ અન્ય મિલ્કત માલીક સાથે મળીને એશોસીએશન/સોસાયટીના નિયમોનુસાર સહીયારી રીતે કરી શકશો અને અન્ય ઓનર્સ કબજેદાર/હિસ્સેદારને આવી કોમન સવલતોના ઉપયોગ, ઉપભોગમાં અવરોધ, અટકાયત કરવાના નથી. આવા સામુહીક ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓના ભાગ પાડી શકશો નહી કે તે ઉપર તમારો સ્વતંત્ર માલીકી હકક રહેશે નહી.

(ઈ) સદરહું મિલ્કતનો કબજો સંભાળ્યાની તારીખથી સદરહું **"ગોલ્ડન વ્યુ"** માં આવેલ સામુહીક ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓ અંગેના ખર્ચાઓ જેવા કે બિલ્ડીંગ સફાઈ, લીફટ મેઈન્ટેનન્સ ખર્ચ લીફટમેનનો પગાર, પાણી ખર્ચ, કોમન ઈલેકટ્રીક ખર્ચ તથા....

.... વખતો વખત એશોસીએશનને ઠરાવેલ બિલ્ડીંગ મેઈન્ટેનન્સ ખર્ચ તથા તેને આનુસાંગીક તમામ મેઈન્ટેનન્સ ખર્ચની વરાડે થતી રકમ તમો ખરીદનારે ભોગવવાની છે. સદરહું મેઈન્ટેનન્સ ખર્ચ માટેની ડીપોઝીટ તરીકેની રકમ તથા સહીયારા મેઈન્ટેનન્સ ખર્ચ **"ગોલ્ડન વ્યુ ફલેટ ઓનર્સ એસોસીએશન"** ને ચુકવવાના છે અને સદરહું ડીપોઝીટના વ્યાજમાંથી મેઈન્ટેનન્સ ખર્ચ કરવાનો છે ભવિષ્યમાં વ્યાજની આવક કરતા મેઈન્ટેનન્સ ખર્ચની રકમમાં વધારો થાય તો જે તે સમયે મિલ્કત ધારકોએ વરાડે થતો ખર્ચ આપવાનાો રહેશે. અમો વેંચનારાઓની માલીકીના એટલે કે વેંચાણ ન થયેલ મિલ્કતનો મેઈન્ટેનન્સ ખર્ચ–ચાર્જીસ તથા તેને આનુસંગીક ખર્ચની રકમ અમો વેંચનાર પાસેથી જયાં સુધી અન્ય મિલ્કતનું વેંચાણ ન થાય ત્યાં સુધી વસુલ કરવાની નથી તેવી તમો ખરીદનારે આથી બાહેંધરી તથા સંમતી આપેલ છે.

(એફ) એશોસીએશનને ચુકવ્યા વિનાની તમારા ભાગે વરાડે પડતી બાકી રહેલ રકમ એટલે કે અનપેઈડ ડયુસ તમારી મિલ્કત પરનો ચાર્જ બોજો ગણાશે અને તેની વસુલાત માટે તમારી મિલ્કત સામે એશોસીએશન જરૂરી પગલા લઈ શકશે અને તેવી રકમની વસુલમાં એશોસીએશનનો અગ્રહકક રહેશે.

(જી) સદરહું મિલ્કત કે **"ગોલ્ડન વ્યુ"** ની દિવાલો, સીડી, લીફ્ટ પાઈપ, કોમન લાઈટ, કોમન પેસેજ, પાર્કિંગ વિગેરેમાં કે બિલ્ડીંગના બારોબારના રંગ–રોગાન, બારી, દરવાજા તથા એલીવેશનમાં તમો ખરીદનારે કોઈ ફેરફાર કરવાનો નથી.

(એચ) સમગ્ર બિલ્ડીંગની ખુલ્લી જગ્યા, કોમન પેસેજ, લીફ્ટ, સીડી, પાર્કીંગ વિગેરેનો ઉપયોગ હલન–ચલન તથા વાહન પાર્ક કરવા પુરતો જ કરવાનો રહેશે તેમજ આવી જગ્યામાં તમો ખરીદનારે કોઈ માલ સામાન રાખવાનો નથી તથા અનય કોઈ આડશ કે અડચણ ઉભી કરવાની નથી.

(આઈ) સદરહું મિલ્કતમાં ભારે વજનદાર તથા નીચેના આર.સી.સી. સ્લેબને નુકશાન કરી શકે તેવા વજનદાર માલ–સામાન ભરવાના નથી કે બિલ્ડીંગના પ્લમ્બીંગ વર્કને નુકશાન થાય તેવા જવલનશીલ પદાર્થ વાપરવાના નથી. તમો બિલ્ડીંગ કે તેના કોઈપણ ભાગને નુકશાન થાય તેવું કૃત્ય કરી શકશો નહી.

(જે) સદરહું મિલ્કતમાં નુકશાનકારક, ભયજનક અથવા દહનશીલ સામગ્રી અથવા વજનમાં ભારે હોય કે જે બાંધકામને નુકશાન કરતુ હોય અથવા તેવી સામગ્રીને સ્ટોર કરવા માટે સંબંધિત સ્થાનિક અથવા અન્ય સત્તાધીશ દ્વારા વાંધા લેવામાં આવતા હોય અને વજનદાર વસ્તુઓ લાવવામાં તકેદારી રાખશે કે જે દાદર, કોમન પેસેજ અથવા અન્ય સ્ટ્રક્ચરને નુકશાન કરતુ હોય અને જો કોઈ નુકશાન મિલ્કતને અથવા એપાર્ટમેન્ટને થાય કે જે ખરીદનારની બેદરકારીને લીધે હોય તો ખરીદનાર સદર ભંગને માટે જવાબદાર રહેશે.

.. ૮ ..

(કે) સદરહું વેંચાણ કરવામાં આવતી મિલ્કતના વીજ બીલ, સ્થાનિક સતાધીશના સંબંધિત કર, વેરા, ચાર્જ વિગેરે તથા પાણી તથા ગેસ બીલ વિગેરે તમામ આજ દિવસ સુધીના અમો વેંચનારે ભરપાઈ કરી આપેલ છે. જે હવે પછીના તમામ તમો ખરીદનારે ભરપાઈ કરવાના રહેશે. તેમજ તેવા સઘળા કનેકશન તમારે તમારા ખર્ચે તમારા નામે દિવસ–૩૦ માં ટ્રાન્સફર કરાવી લેવાના રહેશે.

(એલ) સદરહું મિલ્કત તમો ખરીદનારે રહેણાંકના હેતુ માટે ખરીદ કરેલ હોય આ સિવાય સદરહું મિલ્કતમાં બીજી કોઈ પ્રવૃતિ કરવાની નથી તેનું પાકું વચન, વિશ્વાસ અને ખાત્રી તમો ખરીદનારે આપી આ વેંચાણ દસ્તાવેજ કરાવેલ છે. તમારી આજુબાજુના કે ઉપર નીચેના શાંત, કબજા ભોગવટાને ખલેલ પહોંચે કે ન્યુશન્સ થાય કે નુકશાન પહોંચે તેવુ કોઈ કૃત્ય કરી શકશો નહી કે સામાન્ય સુખાધિકારના કે આરોગ્યને નુકશાન પહોંચે તેવુ કોઈ કૃત્ય કરી શકશો નહી. જે તમો ખરીદનારના વંશ, વારસો, વાલી, એસાઈનીઓ તથા ભાડુઆત વિગેરેને બંધનકર્તા રહેશે.

(એમ) સદરહું મિલ્કતમાં તમો ખરીદનારે કે સદર બિલ્ડીંગના એલીવેશનમાં કોઈપણ પ્રકારની જાહેરાતના બેનર, હોર્ડીંગ, બોર્ડ કે કોઈપણ પ્રકારનું ડિસ્પલે સામગ્રી લગાવવાની નથી. તેમજ **"ગોલ્ડન વ્યુ"** ના ખુલ્લા ભાગમાં કે કોઈપણ અન્ય જગ્યાએ જાહેરાત માટે કોઈ સાંઈનેઝ, હોર્ડીંગ, કિઓસ્ક કે કોઈ ઈલેકટ્રોનીક જાહેરાતના બોર્ડ–બેનર–સ્કીનના તમામ પ્રકારના હકકો અને અધિકારો એશોસીએશનના રહેશે.

(એન) **"ગોલ્ડન વ્યુ"** ના નામની ઓળખાતી રેસીડેન્સીયલ લો–રાઈઝ ઈમારતમાં આવેલ ફલેટમાં બ્યુટી પાર્લર, ટયુશન કલાસીસ, કોચીંગ વિગેરે માટે કે ફાસ્ટફુડ, ફરસાણ, તાવડો, ભઠ્ઠી વિગેરેના ઉત્પાદનનો વ્યવસાય કે પેકેજીંગ તથા ડીસ્ટ્રીબ્યુશન થઈ શકશે નહી કે માલ સામાન રાખવા માટે ગોડાઉન તરીકે આવા કોઈપણ પ્રકારની વ્યવસાયીક પ્રવૃતિઓ કરવાની નથી. તેમજ કોઈ ધાર્મિક વિધિઓ, હવન અને કાર્યો કરવાના નથી. તેમજ પાર્કીંગ પ્લેસમાં બિલ્ડરે ફાળવેલ જગ્યા સિવાયની ખુલ્લી જગ્યામાં અડચણ ન થાય તે રીતે મિલ્કતનો વપરાશ કરવાનો રહેશે. તેવી સ્પષ્ટ સમજુતી અને પાકા વચન અને ખાત્રી તમો ખરીદનારાએ આ વેંચાણ દસ્તાવેજ કરેલ છે. જે તમો ખરીદનારાના વંશ, વારસો, વાલીને એસાઈનીઓ તથા ભાડુઆત વિગેરેને બંધનકર્તા રહેશે. તેમજ **"ગોલ્ડન વ્યુ ફલેટ ઓનર્સ એસોસીએશન"** ના વખતો વખત નિયમો અનુસાર વર્તવાનું રહેશે.

(ઓ) સદરહું ઈમારતની પ્લમ્બીંગ સિસ્ટમમાં તમો ખરીદનાર કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશો નહી અગર અનિવાર્ય સંજોગોવશાત કોઈ ફેરફાર કરવાની જરૂરીયાત ઉભી થયે તમારી ઉપર નીચેના મિલ્કત માલીક અને / અથવા એશોસીએશન કે સોસાયટીની પુર્વ મંજુરી ફરજીયાત લેવાની રહેશે.

.. ૯ ..

(પી) આ મિલ્કત ખરીદનારાઓ જો કોઈ કંપની કે વ્યકિતને ભાડે અથવા લીઝ પર આપે તો આ બિલ્ડીંગના નિયમો તેમજ આ દસ્તાવેજની લાગુ પડતી શરત જે તે ભાડે કે લીઝ પર રાખનાર વ્યકિતને લાગુ પડશે. તેમજ તે અંગેની મેઈન્ટેનન્સ વિગેરેની જવાબદારી મિલ્કત માલીકની રહેશે. તેમજ તેમણે નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું/કરાવવાનું છે.

(કયુ) આ મિલ્કત કોઈપણને ટ્રાન્સફર કે લીઝ ભાડે આપતાં પહેલા **"ગોલ્ડન વ્યુ ફલેટ ઓનર્સ એસોસીએશન"** ની પૂર્વમંજુરી લેવી ફરજીયાત રહેશે.

(આર) લીફટ તથા અગ્નિશામક સાધનોની ચકાસણી સમયાંતરે કરાવતી રહેવાની છે. તેમજ લીફટ અને ફાયર એન.ઓ.સી. ની મુદત પૂર્ણ થયા બાદ રીન્યુ કરાવવાની કામગીરી જે તે કચેરીમાં ઓનર્સ એશોસીએશન/સોસાયટીના હોદેદારો મારફત કરવાની રહેશે.

(૧૪) અમો જમીન માલીકને પ્રોજેકટની જમીન/મિલ્કતની તબદીલી ખરીદનાર તથા એશોસીએશનને કર્યા બાદ ખરીદનારના કોઈ હિતને નુકશાન થાય તે પ્રકારના કોઈ હકક રહેશે નહી.

(૧૫) **DISPUTE RESOLUTION :-** **વિવાદનો ઉકેલ :–**

આ કરારની બોલીઓ તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે... બાબત અરસ–પરસ સંમતિથી ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન તેના વખતો વખતના સુધારા, નિયમો હેઠળ સંબંધિત સતાધિકારીને સંબોધવામાં આવશે.

(૧૬) આ દસ્તાવેજ હેઠળના પક્ષકારોના હકક અને જવાબદારીઓ અંગે જે તે સમયે અમલમાં હોય તેવા ભારતના કાયદા હેઠળ અમલી બનશે અને રાજકોટની કોર્ટને આ કરાર હેઠળ હકુમત રહેશે.

(૧૭) **SEVERABILITY :-** **રદ કરવા બાબત :–**

આ કરાર હેઠળની કોઈ જોગવાઈ આ અધિનિયમ અથવા તે હેઠળ નિયમો અથવા વિનિયમો હેઠળ અથવા કોઈપણ લાગુ પડતા અન્ય કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો કરારની જોગવાઈઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા અધિનિયમને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને કરાર સહી કરતી વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(૧૮) સદરહું મિલ્કત પરત્વેના અમો વેંચનારના અમારા માલીકી હકક દર્શાવતા લેખ દસ્તાવેજો નીચે મુજબના છે જેની ખરાઈ કરાવી તેની નકલો આજરોજ તમોને સુપ્રત કરેલ છે.

૧. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલ બાંધકામ પરવાનગી નં. ૧૬૮, તા. ૦૨/૦૯/૨૦૨૦ તથા આરંભ પ્રમાણપત્ર તથા બાંધકામ પ્લાનની નકલ.

.. ૧૦ ..

૨. અનુ. નં. ૨૧૨૯, તા. ૨૧/૦૫/૨૦૨૦ થી રાધે ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો – ૧). રેખાબેન રાજેશકુમાર સંચાણીયા તથા ૨). લલીતભાઈ દુર્લભજીભાઈ રૂઘાણી વચ્ચે રજી. થયેલ ભાગીદારી દસ્તાવેજની નકલ.

૩. અનુ. નં. ૩૩૨૮, તા. ૨૦/૦૬/૨૦૨૦ નો વેચાણ દસ્તાવેજ રાધે ડેવલોપર્સ ભાગીદારી પેઢી જોગ શ્રી હીતેશભાઈ અમૃતલાલ ચાવડાએ કરી આપેલ છે તેની નકલ.

૪. અનુ. નં. ૩૧૩૬, તા. ૧૧/૦૬/૨૦૨૦ નો વેચાણ દસ્તાવેજ રાધે ડેવલોપર્સ ભાગીદારી પેઢી જોગ શ્રી ભારતી હર્ષદરાય મણીયાર ડો./ઓ. હીમતલાલ પરીખએ કરી આપેલ છે તેની નકલ.

૫. અનુ. નં. ૩૭૪૬, તા. ૦૭/૦૪/૧૯૯૪ નો વેચાણ દદસ્તાવેજ શ્રી હીતેશ અમૃતલાલ ચાવડા જોગ શ્રી પટેલ શાંતીલાલ પાંચાભાઈ ચીખલીયાના કુલમુખત્યારો શ્રી યશવંતરાય પરસોતમરાય દેસાઈ વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૬. અનુ. નં. ૫૯૬૦, તા. ૦૪/૧૦/૧૯૮૦ નો વેચાણ દસ્તાવેજ શ્રી ભારતી હર્ષદરાય મણીયાર જોગ શ્રી આશા નરેન્દ્રભાઈ વોરાના કુલમુખત્યાર મુકેશ જયંતીભાઈ મણીયારએ કરી આપેલ છે તેની નકલ.

૭. ૧ નંબરની બુકના નં. ૩૩૮૭, વો. ૧૦૬૨, તા. ૧૩/૧૦/૧૯૭૨ નો વેચાણ દસ્તાવેજ શ્રી આશા નરેન્દ્રભાઈ વોરા જોગ શ્રી પ્રવિણચંદ્ર ડાયાલાલ વિગેરે એ કરી આપેલ છે તેની નકલ.

૮. શ્રી પટેલ શાંતીલાલ પાંચાભાઈ ચીખલીયાએ તા. ૨૪/૧૨/૧૯૯૩ ના રોજ શ્રી યશવંતરાય પરસોતમરાય દેસાઈ વિગેરેને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૯. અનુ. નં. ૨૧૫૭, તા. ૦૪/૦૨/૧૯૯૦ નો વેચાણ દસ્તાવેજ શ્રી શાંતીલાલ પાંચાભાઈ ચીખલીયા જોગ શ્રી નીતીન નગીનદાસ દોશીના કુલમુખત્યાર શ્રી ભગવાનભાઈ પોલાભાઈ કોરાટએ કરી આપેલ છે તેની નકલ.

૧૦. શ્રી નીતીન નગીનદાસ દોશીએ તા. ૧૫/૦૯/૧૯૮૯ ના રોજ ભગવાનભાઈ પોલાભાઈ કોરાટને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૧. અનુ. નં. ૫૯૬૧, તા. ૦૪/૧૦/૧૯૮૦ નો વેચાણ દસ્તાવેજ શ્રી નીતીનભાઈ નગીનદાસ દોશી જોગ આશા નરેન્દ્રભાઈ વોરાના કુલમુખત્યાર શ્રી મુકેશ જયંતીલાલએ કરી આપેલ છે તેની નકલ.

૧૨. શ્રી આશા નરેન્દ્રભાઈ વોરાએ તા. ૨૪/૦૯/૧૯૮૦ ના રોજ શ્રી મુકેશ જયંતીલાલ મણીયારને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૩. જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, હુકમ નં. મહેસુલ બીનખેતી બ. અ. ૫. રજી. નં. ૨૫, ૬૯–૭૦, તા. ૨૬/૦૬/૧૯૭૦ ની ખરી નકલ.

ઉપરોકત દસ્તાવેજોની નકલો તમોને સોંપી આપેલ છે જે તમોએ જોઈ તપાસી સંભાળી લીધેલ છે. જે સંબંધે તમો ખરીદનારને કોઈ વાંધા તકરાર રહેતા નથી.

(૧૯) આ દસ્તાવેજમાં જણાવેલ શેડયુલ્સ નીચે મુજબ છે.

**–:: શેડયુલ 'એ' ::–**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૧૫૦ પૈકી રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭–એ તથા પ્લોટ નં. ૭–બી ની કુલ જમીન ચો.મી.આ. ૨૪૧–૪૫ ઉપર રહેણાંક હેતુ માટે બાંધવામાં આવેલ લો–રાઈઝ ઈમારત જે **"ગોલ્ડન વ્યુ"** ના નામથી ઓળખાય છે તે ઈમારતનું બાંધકામ કરીએ છીએ. જેના બાંધકામનું વર્ણન તથા ચર્તુઃદીશા નીચે મુજબ છે.

**"ગોલ્ડન વ્યુ" ની સમગ્ર ઈમારતના બાંધકામનું વર્ણન**

| | | |
|---|---|---|
| ગ્રાઉન્ડ ફલોર | :– | કવર્ડ પાર્કીંગ, સીડી, લીફટ તથા પેસેજનુ બાંધકામ. |
| પહેલા માળથી પાંચમા માળ સુધી | :– | લીવીંગ, કીચન, બે સ્ટડી રૂમ, બે ડબલ્યુસી, વોશ એવા દરેક માળે ૩ રહેણાંક યુનીટ તથા સીડી, લીફટ અને પેસેજનુ બાંધકામ.(કુલ ૧૫ રહેણાંક યુનીટ) |

**–:: ચર્તુઃદીશા ::–**

| | | |
|---|---|---|
| ઉત્તરે | :– | પ્લોટ નં. ૭–સી ની અન્યની માલીકીની મીલ્કત આવેલ છે. |
| દક્ષિણે | :– | ૧૨–૦૦ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે. |
| પૂર્વે | :– | ૭–૫૦ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે. |
| પશ્ચિમે | :– | લાગુ પ્લોટ નં. ૬ ની અન્યની માલીકીની મીલ્કત આવેલ છે. |

**–:: શેડયુલ 'બી' ::–**

ઉપરોકત શેડયુલ–એ, માં દર્શાવેલ **"ગોલ્ડન વ્યુ"** ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો–રાઈઝ ઈમારત માંહેથી **.... ફલોર** ઉપર આવેલ **ફલેટ નં. .......** ની ચર્તુઃદીશા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉતરે | :– | ......................... |
| દક્ષિણે | :– | ......................... |
| પુર્વે | :– | ......................... |
| પશ્ચિમે | :– | ......................... |

વણ વહેંચાયેલ હીસ્સો .................. (ચો.મી.)

**<u>–:: શેડયુલ 'સી' ::–</u>**

આ **"ગોલ્ડન વ્યુ"** બીલ્ડીંગમાં આવેલ સહીયારી સુવિધાઓની વિગત નીચે મુજબ છે.

૧. નકશામાં દર્શાવેલ ગ્રાઉન્ડ ફલોરનું કવર્ડ પાર્કીંગ પ્લેસ.

૨. લીફટ, મશીન રૂમ, સીડી, તથા પેસેજ.

૩. ગ્રાઉન્ડ ફલોરથી ટોપ ફલોર સુધી જતી સીડી.

૪. સમગ્ર ઈમારતનું પ્લમ્બીંગ કામ, ઈલેકટ્રીક વાયરીંગનું કામ, પાણીના નિકાલની પાઈપો, પાણીના જોડાણો.

૫. ઓવરહેડ અને અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક.

૬. સોલાર સીસ્ટમ, એન્ટ્રન્સ ગેઈટ, સીકયુરીટી રૂમ.

(૨૦) સદર વેંચાણ દસ્તાવેજ તમો ખરીદનારને તમારા ખર્ચે રજીસ્ટર્ડ કરી આપવાનો છે.

ઉપર મુજબનો આ વેંચાણનો દસ્તાવેજ વાંચી, સમજી, વિચારી, રાજીખુશીથી મુકત સંમતિથી કોઈપણ જાતની લાલચ વિના કરી આપેલ છે અને જે અમને વંશ, વાલી, વારસો, વેરે કબુલ મંજુર બંધનકર્તા હોવા બદલ સાક્ષીઓની રૂબરૂમાં આ નીચે અમારી સહી કરી આપેલ છે.

સ્થળ : રાજકોટ. તારીખ : – –૨૦૨૦

અત્ર——————————————મતુ

અત્ર——————————————શાખ

————————————

**શ્રી લલીતભાઈ દુર્લભજીભાઈ રૂઘાણી**
**તે રાધે ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી**
**પેઢીના વહીવટકર્તા ભાગીદાર દરજ્જે.**

**<u>–: તે ફલેટ વેચનાર :–</u>**

૧. ................................................

૨. ................................................